©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 08th MAY, 2026/VAISHAKHA 18, 1948 [No. 3416

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

રાજકોટ મહાનગરપાલિકા - અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ તથા નિયમો-૧૯૭૯

મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં. ૧-રાજકોટ(તૃતીય ફેરફાર)

નં. : રા.મ્યુ.કો./મધ્યસ્થ ટી.પી.ઓ./જા.નં./૨૧૦.–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની એડમિનિસ્ટ્રેટરના તા. ૧૪-૦૪-૨૦૨૬નાં ઠરાવ નં. ૦૨ થી ઠરાવ્યા મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં.૧-રાજકોટ(તૃતીય ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે.

ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં. ૧-રાજકોટ(તૃતીય ફેરફાર)માં નીચે પ્રમાણે અંતિમખંડનો સમાવેશ થાય છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં.૧-રાજકોટ (તૃતીય ફેરફાર) અંતિમ ખંડ નં. ૪૨૩

આથી નિયમો-૧૯૭૯ના નિયમ નં.૧૭ ની જોગવાઈ હેઠળ ઉપરોકત યોજના રાજકોટ નં.૧-રાજકોટ(તૃતીય ફેરફાર)ની જમીનોની કામચલાઉ દરખાસ્તો ઘડીને જમીન માલીકોની સભા તા. ૦૮-૦૫-૨૦૨૬નાં રોજ બોલાવવામાં આવેલ હતી. જેમાં જમીન માલીકો તથા હિત સંબંધ ધરાવનાર આસામીઓને યોજનાની દરખાસ્તો અંગે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ. શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ પેટાકલમ(૧)(૨) તથા નિયમો-૧૯૭૯ની કલમ-૧૮ની જોગવાઈઓ હેઠળ યોજનાનો મુસદ્દો ઘડીને યોજનાની જોગવાઈઓને પાર પાડવા માટેના વિનિયમોનો મુસદ્દો એકસ્ટ્રા ઓર્ડીનરી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની અંદર આ યોજના હેઠળ અસર પામેલ કોઈ વ્યકિત કે હિત સંબંધ ધરાવતી વ્યકિત આવી યોજના અંગેના કોઈ વાંધા સુચનો રાજકોટ મહાનગરપાલિકાને લખી જણાવશે તો મહાનગરપાલિકા અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૭ની જોગવાઈ હેઠળ યોજનામાં ગુણવતાના ધોરણે યોગ્ય લાગે તેવા ફેરફારો વિચારણામાં લેશે.

રાજકોટ મહાનગરપાલિકાનાં એડમિનિસ્ટ્રેટરના તા. ૧૪-૦૪-૨૦૨૬નાં ઠરાવ નં. ૦૨ ઠરાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રીને આ યોજનાને લગતી હવે પછીની તમામ કાર્યવાહી જેવી કે કલમ-૪૨ હેઠળની પ્રસિદ્ધિ, કલમ-૪૭ હેઠળ વાંધા સુચનોની વિચારણા કરવા તેમજ તેને આનુસાંગિક તમામ કાર્યવાહી કરવા સત્તા આપી અધિકૃત કરવામાં આવેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના રાજકોટ નં. ૧- રાજકોટ (તૃતીય ફેરફાર)ની નીચે મુજબની વિગતે મુસદો, વિનિયમો નકશા વિગેરે રાજકોટ મહાનગરપાલિકાના ડો.આંબેડકર ભવન, રાજકોટ મહાનગરપાલિકા, સેન્ટ્રલ ઝોન ઓફીસ, ઢેબર રોડ, રાજકોટ મહાનગરપાલિકાની મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ શાખા, રૂમ નં.૭ રાજકોટ ખાતે આવેલ કચેરીમાં રજા સિવાયના દિવસોએ કચેરીનાં સમય દરમ્યાન જોવા મળી શકશે તથા તે અંગે યોગ્ય સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

યોજના નં. ૧- રાજકોટ (તૃતીય ફેરફાર)ના મુસદ્દો વિનિયમો અને નકશા :

(૧) યોજના વિસ્તાર દર્શાવતો નકશા નં.૧ (ઈન્ડેક્ષ પ્લાન)

(૨) મુળખંડ દર્શાવતો નકશા નં.૨ (ઓ.પી. પ્લાન)

(૩) મુળખંડ તથા અંતિમખંડ દર્શાવતો નકશો નં.૩ (ઓ.પી.- એફ પી. પ્લાન)

(૪) અંતિમ ખંડ દર્શાવતો નકશા નં.૪ (એફ.પી. પ્લાન)

(૫) સુચિત રસ્તા તથા જાહેર હેતુ માટેની સવલત દર્શાવતો નકશા નં.૫ (ફેસેલીટી પ્લાન)

(૬) જમીનોનું વળતર નકકી કરવા માટે ધ્યાને લીધેલા વેચાણોના નકશા નં.૬ (સેલ્સ પ્લાન)

(૭) પુન:વહેચણી પત્રક (ફોર્મ "એફ")

આમ ઉપરોકત વિગતે કલમ-૪૨ હેઠળ રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ માસની અંદર અધિનિયમની કલમ-૪૮ની જોગવાઈઓ હેઠળ મંજુરી અર્થે સરકારશ્રીને સાદર કરવામાં આવશે. જેની સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

તુષાર ડી. સુમેરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.05.11 12:01:16 IST